
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૦૬



વસ્તુની મર્યાદા–હદ એટલી છે કે જ્ઞાન દ્વારા જ્ઞાન જ્ઞાનને જ જાણે છે એટલે કે હું તે જ્ઞાન, મારા દ્વારા એટલે કે જ્ઞાન દ્વારા મને જ એટલે કે જ્ઞાનને જ જાણું છું.

—*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જીવદ્રવ્ય ઉત્તમ ગુણોનું ધામ છે, જ્ઞાનાદિ ઉત્તમગુણો એમાં જ છે. સર્વ દ્રવ્યોમાં એક જીવદ્રવ્ય જ પ્રધાન છે કારણ કે સર્વ દ્રવ્યોને જીવ જ પ્રકાશે છે. સર્વ તત્ત્વોમાં પરમતત્ત્વ જીવ જ છે અને અનંત જ્ઞાન-સુખાદિનો ભોક્તા પણ જીવ જ છે—એમ હે ભવ્ય! તું નિશ્ચયથી જાણ. ૯૪૩. *(સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૨૦૪)*

❀ જિન ઇન્દ્રિયવિષયોં કે ભોગનેસે નરનાથ (ચક્રવર્તી) ઔર ઇન્દ્ર ભી તૃપ્તિકો નહીં પ્રાપ્ત હોતે હૈં ઉનસે ભલા સાધારણ મનુષ્ય કૈસે તૃપ્ત હો સકતે હૈં?–નહીં હો સકતે. ઠીક હૈં—જિસ નદીકે પ્રવાહમેં અતિશય બલવાન હાથી બહ જાતા હૈ ઉસમેં ક્ષુદ્ર ખરગોશોંકી વ્યવસ્થા કિસસે હો સકતી હૈ?–કિસીસે ભી નહીં હો સકતી હૈ. ૯૪૪.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૩)*

❀ જે ભવ્ય જીવ ભક્તિથી કુન્દરૂ વૃક્ષના પાંદડા જેવડા જિનાલય અથવા જવ જેવડી જિનપ્રતિમાનું પણ નિર્માણ કરાવે છે તેમના પુણ્યનું વર્ણન કરવા માટે અહીં વાણી (સરસ્વતી) પણ સમર્થ નથી. તો પછી જે ભવ્ય જીવ તે (જિનાલય અને જિનપ્રતિમા) બંનેનુંય નિર્માણ કરાવે છે તેમના વિષયમાં શું કહેવું? અર્થાત્ તે તો અતિશય પુણ્યશાળી છે જ. ૯૪૫. *(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દેશવ્રત-ઉદ્યોતન, શ્લોક-૨૨)*

❀ પરોક્ષજ્ઞાનવાળાઓને સ્વભાવથી જ દુઃખ છે, કારણ કે તેમને વિષયોમાં રતિ વર્તે છે; કેટલીક વાર તો તેઓ, અસહ્ય તૃષ્ણારૂપી દાહને લીધે (–તીવ્ર ઇચ્છારૂપી દુઃખને લીધે), મરણ સુધીનું જોખમ વહોરીને પણ ક્ષણિક ઇન્દ્રિયવિષયોમાં ઝંપલાવે છે. જો તેમને સ્વભાવથી જ દુઃખ ન હોય તો વિષયોમાં રતિ જ ન હોવી જોઈએ. જેને શરીરમાં ગરમીની બળતરાનું દુઃખ નષ્ટ થયું હોય તેને ઠંડકના બાહ્ય ઉપચારમાં રતિ કેમ હોય? માટે પરોક્ષજ્ઞાનવાળા જીવોને દુઃખ સ્વાભાવિક જ છે એમ નક્કી થાય છે. ૯૪૬.

*(શ્રી પ્રવચનસાર, ગાથા-૬૪નો ભાવાર્થ)*

❀ યદિ પરમતત્ત્વકે પ્રેમમેં મોહિત હો તો યહ જ્ઞાની ઇસ મોહકી સહાયતાસે શાસ્ત્રજ્ઞાનમેં વ ગુરુ દ્વારા પ્રગટ જ્ઞાનમેં વ જ્ઞાનકે સાધનોમેં આનંદ માનતા હ. પરંતુ યદિ શરીરકે રાગમેં મૂઢ હો જાવે તો અનંતાનંત કાલ તક પુદ્‌ગલ સ્વભાવમેં હી રતિકો પ્રાપ્ત હો ઇતના ભ્રમણ કરે. ૯૪૭. *(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૩૭૪)*

❐

વર્ષ-૧
અંક-૪




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સંવત
૨૦૬૩
December
A.D. 2006


સમ્યગ્દર્શનનો વિષય :

# નિર્મળ પર્યાયથી રહિત એક જ્ઞાયકભાવ!!

(પૂજ્ય બહેનશ્રીના વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, તા. ૧૪-૭-૭૮)

આ, બેનના વચનામૃત છે. તેમાં ૧૦૫મો બોલ ચાલે છે.

આ ત્રિકાળ જ્ઞાયકભાવ-એકરૂપભાવ જે છે તેમાં સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય નથી, ત્રિકાળ દ્રવ્યમાં નથી. વસ્તુ જે સમ્યગ્દર્શનનો વિષય છે જે ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ તેમાં ત્રિકાળીને જ્ઞાયકપણાનો જ એક વેશ છે એટલે કે જ્ઞાયકપણું જ એક એનું રૂપ છે; એની દૃષ્ટિ કરવી–અનુભવ કરવો એ સમ્યક્ દર્શન છે. એ સમ્યક્ દર્શનની પર્યાય પણ જ્ઞાયકભાવમાં નથી. જે પર્યાય એ ત્રિકાળી જ્ઞાયકભાવની શ્રદ્ધા કરે છે એ પર્યાય પણ એ શ્રદ્ધાવાન ચીજમાં નથી. આહાહા!

એ સમ્યક્ દર્શનની પર્યાયમાં એ જ્ઞાયકભાવની શ્રદ્ધા આવી જાય પણ પર્યાયમાં એ જ્ઞાયકભાવ આવતો નથી. પર્યાય તે જ્ઞાયકભાવમાં આવતી નથી અને જ્ઞાયકભાવ તે પર્યાયમાં આવતો નથી. ત્રિકાળી જાણનસ્વભાવ એ એક જ એનો વેશ છે, એ એક જ સ્થિતિ છે, એ જ એનું રૂપ છે. આહાહા! જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેશ નથી. જે સમ્યક્ દર્શનનો વિષય ત્રિકાળી જ્ઞાયકભાવ છે તેને કોઈ પર્યાયનો વેશ નથી એટલે કે એનામાં મુનિપણાના મોક્ષમાર્ગની પર્યાયનો વેશ નથી. આહાહાહા! દ્રવ્યલિંગ તો આત્મામાં-જ્ઞાયકભાવમાં છે જ નહી.

અલિંગગ્રહણનાં ૧૭મા બોલમાં આવે છે કે આત્મામાં દ્રવ્ય અને ભાવવેદનો

અભાવ છે તેમ ધર્મના ચિહ્નો જે બાહ્ય નગ્નપણું, પંચમહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ એ બાહ્ય ભેખ વસ્તુમાં નથી. 'જ્ઞાયક તત્ત્વને કોઈ પર્યાય વેશ નથી અને કોઈ પર્યાય અપેક્ષા નથી' એમ બે વાત આવી છે. વસ્તુને એવી કોઈ અપેક્ષા નથી કે મોક્ષની પર્યાય હોય તો જ્ઞાયકપણું રહે કે સંવર-નિર્જરાની પર્યાય હોય તો જ્ઞાયકપણું રહે; એવી કોઈ અપેક્ષા જ્ઞાયકભાવને નથી.

સમ્યક્ દર્શનનો વિષય જે જ્ઞાયકભાવ છે તેને કોઈપણ પર્યાયનો કોઈ વેષ નથી અને કોઈ પણ પર્યાયની અપેક્ષા પણ નથી. હજી આ તો ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. આવો દિગંબર ધર્મ છે.

'આત્મા મુનિ છે'—ભાવલિંગ મુનિ એ પણ આત્માનો પર્યાય વેષ છે, એ જ્ઞાયકપણામાં નથી. (પરમાત્મપ્રકાશ ગાથા-૮૮) આત્મામાં દ્રવ્યલિંગ અને ભાવલિંગ બન્ને ભાવ નથી. ભાવમુનિ એને કહિયે કે જેને નિર્વિકલ્પ સમાધિ અને ઉગ્ર આનંદ વર્તતો હોય. ધર્મીજીવ એમ માને છે કે આ દ્રવ્યલિંગ જે અઠ્ઠાવીસ મૂલગુણ તે તો આત્માને-જ્ઞાયકભાવમાં સર્વથા નથી જ પણ જે આ ભાવલિંગ છે તે પણ જ્ઞાયકભાવમાં નથી. વ્રત, નિયમ એ તો આકુળતા-દુ:ખરૂપ છે પણ જે નિર્વિકલ્પ સમાધિ અને આનંદ, નિર્વિકલ્પ જ્ઞાન એવું જે ભાવલિંગ એ પણ જ્ઞાયકભાવમાં નથી કારણ કે એ પર્યાય છે. આહાહા! આવું આકરું પડે પણ માર્ગ તો આ જ છે.

જો કે ભાવલિંગી મુનિ છે તે મોક્ષનો સાધક છે તેથી વ્યવહારનયથી નિર્વિકલ્પ સમાધિ-અતીન્દ્રિય આનંદને આત્માનું સ્વરૂપ કહેવામાં આવે છે. પર્યાય તે વ્યવહાર. જ્ઞાયકભાવ જે અનંતગુણની સંપદાથી ભરેલો છે એવો જે જ્ઞાયક ત્રિકાળ એકરૂપ રહેનાર ચીજ જે સમ્યક્ દર્શનનો વિષય છે તે ચીજમાં દ્રવ્યલિંગ તો છે જ નહીં પણ ભાવલિંગ પણ ઉપચારથી-પર્યાયમાં છે એટલે-કહેવામાં આવે છે. આમ છતાં, શુદ્ધ નિશ્ચયનયથી તે ભાવલિંગ પણ જીવમાં-આત્મામાં નથી.

દેવ-ગુરુ તો પર છે જ પણ આ ભાવલિંગ મુનિનો મોક્ષમાર્ગ જે નિશ્ચય સમ્યગ્દર્શન -જ્ઞાન—ત્રિકાળી જ્ઞાયકની દૃષ્ટિ-જ્ઞાન અને રમણતા એ વસ્તુ જે છે તે દ્રવ્યમાં નથી. આહાહા!

પ્રભુ! એક સમયમાં અનંત અનંત ગુણની સંપદાથી ભરેલ જ્ઞાયકદ્રવ્ય જે સમ્યક્ દર્શનનો વિષય તેમાં ભાવલિંગનો પણ અભાવ છે. વ્યવહાર સમ્યક્ દર્શનની તો વાત જ

નથી પણ જે નિશ્ચયનય સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર કે જે પૂર્ણાનન્દના નાથની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને પૂર્ણાનંદના નાથમાં સ્થિરતા એ ત્રણ દશા પણ જ્ઞાયકભાવમાં નથી.

પરમ સૂક્ષ્મ શુદ્ધ નિશ્ચયનયે કરીને ભાવલિંગ પણ જીવનું નથી. કેમકે ભાવલિંગ તો સાધનરૂપ છે, પર્યાય છે, ત્રિકાળી જ્ઞાયકભાવ નથી. ત્રિકાળી જ્ઞાયકભાવ કે જેમાં સિદ્ધની પર્યાયનો પણ વેશ નથી. મુનિ હો કે કેવળજ્ઞાની હો એ પર્યાયનો જ્ઞાયકભાવમાં અભાવ છે. અરે! કેવળજ્ઞાનની પર્યાયનો પણ જ્ઞાયકભાવમાં અભાવ છે! આહાહાહા! આત્મા મુનિ છે, કેવળજ્ઞાની છે કે સિદ્ધ છે એવી એક પણ પર્યાયની અપેક્ષા જ્ઞાયક પદાર્થમાં નથી. ક્યારેય સાંભળ્યું નથી આવું! આહાહા!

દાનનો ભાવ થાય એ તો રાગભાવ છે એ તો જ્ઞાયકભાવમાં નથી પણ એ દાનના ભાવને–રાગને જાણનારી વીતરાગી પર્યાય એ પણ જ્ઞાયકભાવમાં નથી. આહાહા! વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન કહ્યું એ વ્યવહાર આત્મામાં તો નથી પણ પર્યાયમાં પણ નથી. રાગને જાણવાની સમ્યક્ જ્ઞાનની પર્યાય એ ખરેખર તો પોતાને જાણનારી પર્યાય છે કેમકે પર્યાયમાં સ્વદ્રવ્ય જણાય છે અને પર્યાયમાં સ્વ-પરપ્રકાશક સ્વભાવને કારણે રાગ જણાય છે તે રાગ જણાતો નથી પણ પોતાની સ્વ-પરપ્રકાશક પર્યાય જ જણાય છે. એ સ્વ-પરપ્રકાશક પર્યાય પણ જ્ઞાયકભાવમાં નથી! આહાહા!

ખરેખર જ્ઞાયક પદાર્થને મુનિની પર્યાયની અપેક્ષા નથી. પર્યાયની અપેક્ષા નથી અને અતિન્દ્રિય આનંદનો પ્રચુર સ્વસંવેદન વૈભવ પણ નથી. મોક્ષની અને મોક્ષના માર્ગની પર્યાય મારી નથી. મારું જે દ્રવ્ય છે જે સમ્યક્ દર્શનનો વિષય જે એક જ્ઞાયકભાવ છે તે મોક્ષમાર્ગની પર્યાયને કે મોક્ષની પર્યાયને કરતું પણ નથી. આહાહા! ભગવાન સર્વજ્ઞદેવે કહેલું સત્ય સંતો જગત પાસે જાહેર કરે છે. આવું સત્ય ક્યારે સાંભળવા મળે. આહાહા! તને રુચે તો આ સત્ય રાખ અને ન રુચે તો સ્વતંત્ર છે.

શ્રોતા :—પર્યાયને કરે નહી પણ જાણવાનું કાર્ય તો કરે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ જાણવાનું કાર્ય પણ પર્યાય જ કરે છે. દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે, એ તો ત્રિકાળ કારણ છે. કાર્ય તો પર્યાયમાં થાય છે. દ્રવ્ય તો અપરિણામી છે.

એક પ્રશ્ન થયો હતો કે જ્ઞાન લક્ષણ કહ્યું છે તે છે શું? તો કહ્યું કે લક્ષણ બે પ્રકારે છે. એક તો ત્રિકાળી ધ્રુવ જ્ઞાનગુણ તે લક્ષણ અને આત્મા તે લક્ષ્ય અને બીજું એ કે તેને સમજનાર જે પર્યાય છે–નિર્ણય કરનાર પર્યાય તે લક્ષણ અને દ્રવ્ય તે લક્ષ્ય.

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ એ ધર્મ નહીં અને ધર્મનું કારણ પણ નહીં. આવું બેસે કોને! વિકલ્પ છે તે રાગ છે અને રાગ છે તે કષાયનો અંશ હોઈ મોક્ષનો માર્ગ ન બની શકે. અકષાયભાવ જે નિર્મળ પર્યાય છે તેનો પણ જ્ઞાયકભાવમાં અભાવ છે.

નિયમસારની ૩૮મી ગાથામાં તો કહ્યું છે કે પર્યાય વગરની ત્રિકાળી ચીજ છે તે નિશ્ચય આત્મા છે. કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન છે. પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ—એ સાતેય પર્યાય નાશવાન છે કેમકે પર્યાય હોઈ એક સમયની મુદતવાળી છે અને ભગવાન ત્રિકાળી વસ્તુ છે તે અવિનાશી છે. એ જે ત્રિકાળી અવિનાશી વસ્તુ છે તેને નિશ્ચયથી સત્યાર્થ આત્મા કહેવાય છે. પર્યાય છે તે નાશવાન હોવાથી સત્ આત્મા નથી.

સમયસારની ૩૨૦મી ગાથામાં જયસેન આચાર્યની ટીકામાં કહ્યું છે કે ભગવાન આત્મા છે તે બંધમાર્ગનો કર્તા નથી, બંધનો કર્તા નથી, મોક્ષમાર્ગનો કર્તા નથી અને મોક્ષનો પણ કર્તા નથી! આહાહા! વસ્તુ ત્રિકાળ છે અને બંધ-મોક્ષ એ પર્યાય હોવાથી ત્રિકાળી વસ્તુ તે પર્યાયની કર્તા નથી. ત્રિકાળી ભગવાન આત્મા તો ઉદયને પણ જાણે, બંધને પણ જાણે, નિર્જરાને પણ જાણે અને મોક્ષને પણ જાણે. એ કોઈને આત્મા કરતો નથી. આત્મા તો ત્રિકાળી જ્ઞાયક છે. કાર્ય તો પર્યાયમાં થાય છે. ત્રિકાળી ધ્રુવ ચીજમાં કાર્ય નથી અકારક અને અવેદક છે.

એક સમયની કેવળજ્ઞાનની કે સિદ્ધની પર્યાય છે તે નાશવાન છે તે અપેક્ષાએ વસ્તુ જે ત્રિકાળી સત્...સત્...સત્...એકરૂપ સદેશ પડ્યું છે તેને નિશ્ચય સત્ આત્મા કહ્યો છે અને તેનો આશ્રય કરવાથી સમ્યક્ દર્શન થાય. આહાહા! પર્યાય જે મોક્ષ અને મોક્ષમાર્ગની તે વ્યવહાર આત્મા છે કેમકે પર્યાય તે વ્યવહાર છે અને ત્રિકાળી ભગવાન તે નિશ્ચય આત્મા છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ આદિ અનંત ગુણની અનંતી પર્યાયો પ્રગટ થઈ છે પણ તેને દ્રવ્ય કરતું નથી અને તે પર્યાયો દ્રવ્યમાં નથી. આહાહા!

પ્રભુ જે ત્રિકાળ એક જ્ઞાયકભાવ છે તેમાં કેવળજ્ઞાનની કે મુનિની કે સિદ્ધની પર્યાયનો વેશ નથી અને તેને પર્યાયની અપેક્ષા પણ નથી. કેવળજ્ઞાનની પર્યાય હો કે સિદ્ધની પર્યાય હો છે તો એક સમયની જ, બીજા સમયે બીજી પ્રગટ થશે; જ્યારે વસ્તુ તો ત્રિકાળ છે.

વસ્તુ જે સામાન્ય ત્રિકાળી સદેશ ધ્રુવ કે જેમાં મુનિપણું નથી, સિદ્ધપદ નથી,

કેવળજ્ઞાન નથી, દ્રવ્યલિંગ કે ભાવલિંગ નથી તેને અમે આત્મા કહીયે, તેને દ્રવ્ય કહીયે, તેને સામાન્ય કહીયે અને તેને જ પર્યાય વિનાનો આત્મા કહીએ! અહીં તો હજી વ્રત અને ભક્તિમાં જ અટક્યો છે! જ્યારે અહીં તો કહે છે કે જે ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ જે સમ્યક્ દર્શનનો વિષય એ તો મોક્ષના માર્ગને ને સમકિતને પણ કરતો નથી.

શ્રોતા :—દ્રવ્ય તો પરિણામી છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—દ્રવ્ય તે અપરિણામી ચીજ છે. ત્રિકાળી ચીજ પલટતી નથી, બદલતી નથી. જે પર્યાયમાં હલચલ થાય છે તે પર્યાય તેનામાં નથી. દ્રવ્ય તે હલચલ વિનાનું ધ્રુવ છે! આહાહા! એ એકરૂપ ત્રિકાળ ચીજ એ આશ્રય કરવાલાયક ચીજ છે. સમકિતીની નજર ધ્રુવ ઉપર કાયમ રહે છે. ચાહે તો વિકલ્પ આવે પણ દૃષ્ટિ તો જેમાં મોક્ષની પર્યાય પણ નથી એવા ત્રિકાળી ધ્રુવ ઉપર કાયમ હોય છે. જો એ દૃષ્ટિ ત્રિકાળી પરથી ખસીને પર્યાય ઉપર જાય, ત્યાં વિકલ્પમાં રોકાઈને લાભબુદ્ધિ થાય તો મિથ્યાત્વ થઈ જાય. પર્યાયને જાણવામાટે જાણે તેમાં વાંધો નહીં પણ દૃષ્ટિ ન ફરવી જોવે.

જ્ઞાયકતત્ત્વને એક જ્ઞાયકપણાનો જ વેશ છે. ત્રિકાળી જ્ઞાયકપણું કે જેમાં જાણવાની પર્યાયનો પણ સમાવેશ નથી, કારણ કે જાણવાની પર્યાય એ તો પરિણમનવાળી છે અને વસ્તુ તો ત્રિકાળ છે.

સમયસારની ગાથા ૬મા જે પર્યાય પરને જાણે છે એમ કહ્યું એ પર્યાય જે છે એ પર્યાય પર્યાયને જાણે છે. એ પર્યાય પરને જાણે છે એમ કહેવું વ્યવહાર છે. એ પર્યાય પર્યાયને જાણે છે તે નિશ્ચય છે. આહાહા! ભગવાન આત્મા પ્રમત્ત-અપ્રમત્ત છે જ નહીં. પેહલે ગુણસ્થાનથી ચૌદ ગુણસ્થાન આત્મામાં નથી કેમકે ગુણસ્થાન તો પર્યાય છે અને એક સમયની પર્યાય તે વ્યવહારનો વિષય છે. ત્રિકાળ જે છે તે નિશ્ચયનો વિષય છે તેમાં એક સમયની પર્યાયનો વિષય-વ્યવહારનો વિષય નથી.

ત્રિકાળી અને પર્યાય બન્ને છે ખરા. પર્યાય ત્રિકાળીમાં નથી પણ પર્યાય પર્યાયમાં છે. વ્યવહારનો વિષય જે વર્તમાનમાં છે તે છે ખરો. મોક્ષમાર્ગનો માર્ગ છે, કેવળજ્ઞાન છે, સિદ્ધ છે. એક જીવ વસ્તુ છે તેના પર્યાયમાં બે ભાગ પાડ્યા. એક તો સંસાર જે અનાદિ શાંત છે અને બીજો મોક્ષ જે સાદિ અનંત છે. જીવ વસ્તુ ત્રિકાળીમાં બે ભાગ પાડવા એ વ્યવહારનો વિષય થઈ ગયો. આવું કઠણ છે! બેસવું–સમજાવું કઠણ પડે! અરે! ભાઈ, તેં સાંભળ્યું નથી. વીતરાગદર્શન તે તો અલૌકિક વાત છે, વિશ્વદર્શન છે!

વસ્તુનું સ્વરૂપ છે તેવું ભગવાને જાણ્યું છે તે તેવું કહ્યું છે. તને સાંભળવા ન મળે અને નવી લાગે તો ભાઈ! નવી નથી, અનાદિની આવી જ વસ્તુ છે!

એક જ્ઞાયકભાવ તે જ નિશ્ચય આત્મા અને તે જ્ઞાયકભાવમાં મુનિની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય અને સિદ્ધની પર્યાયનો અભાવ! મોક્ષ અને મોક્ષના માર્ગની પર્યાયને કરે નહીં તે જ્ઞાયકભાવ! આહાહાહા! પર્યાય પર્યાયને કરે! કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે કે સિદ્ધની પર્યાય ઉત્પન્ન થાય છે એ પર્યાય ષટ્કારકથી પરિણમતી પોતાથી ઉત્પન્ન થાય છે. જેને દ્રવ્યની અપેક્ષા નથી! આહાહા! સમજાણું કાંઈ! પ્રવચનસારમાં આવે છે કે વિકારમાં ષટ્કારક છે તે સ્વતંત્ર છે.

૧૩મી સાલમાં ચર્ચામાં કહ્યું હતું કે વિકાર જે થાય છે આત્મામાં એટલે કે પર્યાયમાં તે પર્યાયમાં ષટ્કારકનું પરિણમન પર્યાયનું જ છે. રાગની પર્યાયનો કર્તા રાગ, રાગનું કારણ રાગ, રાગનું સંપ્રદાન રાગ, રાગનો આધાર રાગ! એ રાગને દ્રવ્ય-ગુણનું પણ કારણ નથી તેમ પરકારકની અપેક્ષા પણ નથી!

પંચાસ્તિકાયની ૬૨મી ગાથામાં છે કે એક સમયની મિથ્યાત્વની રાગ-દ્વેષની વિષયવાસનાની પર્યાય—એ પર્યાયનો કર્તા પર્યાય, કરણ પર્યાય, સાધન પર્યાય, સંપ્રદાન પર્યાય, અપાદાન પણ પર્યાય અને અધિકરણ પણ પર્યાય. એ પર્યાયના ષટ્કારકનું પરિણમન જેને પરકારકની અપેક્ષા તો નથી પણ જેને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી! આહાહાહાહા! તો પછી નિર્વિકારી પર્યાય સમ્યક્ દર્શનની નિર્દોષ શાંતિ અને આનંદની પર્યાય એ પર્યાયનાં ષટ્કારકનું પરિણમન પણ પોતાથી છે; દ્રવ્ય-ગુણથી તો નથી તેમ કર્મના અભાવની પણ અપેક્ષા નથી.

વસ્તુ જે ત્રિકાળી તેની દૃષ્ટિ કરવાની છે અને પછી તે દૃષ્ટિનો વિષય જે ત્રિકાળી એક જ્ઞાયકભાવ તેમાં ઠરવાનું છે—તે ચારિત્ર છે, વ્રત-નિયમ એ કોઈ ચારિત્ર નથી. મુનિ કે કેવળજ્ઞાન કે સિદ્ધ એવી એક પણ પર્યાય એક જ્ઞાયકભાવમાં નથી! આહાહા! રાડ નાખી જવાય એવું છે. ભાઈ! કેવળજ્ઞાન છે તે એક સમયની પર્યાય છે, નાશવાન છે. જે ગુણ છે તે ત્રિકાળી છે, ઉત્પન્ન થાય તે ગુણ ન હોય. ઉત્પન્ન-ધ્વંસી છે તે પર્યાય છે. મૂળ સમ્યક્ દર્શનનો વિષય શું છે એની જ ખબર નથી!

ભાઈ! દેહ છોડીને ક્યાં જવું છે? બાપુ! ત્યાં એવી માન્યતા હશે કે આ રાગથી ધર્મ થાય તો ત્યાં તો તું દુઃખને વેઠીશ કારણ કે રાગ એ વર્તમાન દુઃખ છે અને ભવિષ્યમાં પણ દુઃખનું કારણ છે. આહાહા! આ તારા હિતની વાત ચાલે છે બાપુ!

જ્યાંથી આનંદ ઉત્પન્ન થાય એવી જે ચીજ એને એમ કહેવું કે આનંદ આનાથી ઉત્પન્ન થયો એ પણ વ્યવહાર છે. આનંદ તો આનંદથી ઉત્પન્ન થાય છે! મુનિ અને સિદ્ધની પર્યાયની પર્યાયદૃષ્ટિ છોડ અને દ્રવ્યદૃષ્ટિ કર. પર્યાય જ્યાં છે ત્યાં નજર ન કર! નજર તો જે એક જ્ઞાયકભાવ છે ત્યાં કર.

જેમ, જાદૂગર નજરબંધી કરે છે તેમ, તારી જાદૂગરી કર અને ધ્રુવમાં નજરબંધી કરી નાખ! એનાથી સમ્યક્ દર્શન થશે અને એ સમ્યક્ દર્શન વિના અગિયાર અંગનું જ્ઞાન અને વ્રત, તપ અને પરિષહ સહન કરે એ બધો ક્લેષ છે. આહાહા! સમજાય છે કાંઈ?

હવે, ૧૦૬મો બોલ આવ્યો.

'ચેતન સ્વરૂપ આત્મા તો તારો પોતાનો છે.' તું પોતે ભગવાન જ્ઞાયક સ્વરૂપ ચેતન તું જ છે. તે કાંઈ બહારથી લાવવો એમ છે નહીં. 'માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે.' છે એને પ્રાપ્ત કરવો છે. પોતે જ્ઞાયકસ્વરૂપ આત્મા–ચેતન સ્વરૂપ આત્મા તેને પ્રાપ્ત કરવો છે. તેને પ્રાપ્ત કરવું–હોવાપણાને હોવાપણાથી પ્રાપ્ત કરવું એ તો સહેલું છે.

આત્મા એટલે ચૈતન્ય સ્વરૂપ. એ પુણ્ય સ્વરૂપ ને પાપ સ્વરૂપ એ આત્મા નહીં. શ્રીમદ્‌માં આવે છે કે સત્ સરળ છે, સત્ સર્વત્ર છે. વસ્તુ તો ક્યારે પણ વસ્તુ સ્વરૂપે જ છે. સત્ છે તેને મેળવવું સુગમ છે.

પરપદાર્થ તો પરનો છે. ખરેખર તો રાગ જે છે–દયા, દાન–તે પણ પરવસ્તુ છે. રાગ પોતાનો નહીં થઈ શકે કેમકે એ પરવસ્તુ છે; તો પછી જડ રજકણને, શરીરને પોતાના કરવા એ તો વાત જ ક્યાં રહી! આ મારી સ્ત્રી–અર્ધાંગના છે—એ ત્રણે કાળમાં નથી, બાપુ!

પરને પોતાનું કરવું એ બની શકે નહીં અને છે તેને પ્રાપ્ત કરવો એ બની શકે છે. આહાહા! પૈસા, મકાન, આબરૂ—એ બધા પર છે તે પોતાના નહીં થઈ શકે. એ પરને પોતના કરવામાં તને આકુળતા થશે છતા પરવસ્તુ છે એ તારી થશે નહીં! કોઈ સ્થળ હોય ત્યાં જાવું સુગમ છે પણ કોઈ સ્થળ જ ન હોય ત્યાં કેમ જાવું? એમ રાગ ને પુણ્યમાં-પરવસ્તુમાં તો આત્માનું સ્થાન જ નથી, તેને આત્માના કરવા માંગીશ તો કોઈ રીતે થશે નહીં.

પરને પોતાનું કરવામાં પોતાનું કરી તો નહીં શકે પણ આકુળતા થશે. પર પદાર્થ છે તો ખરો પણ દ્રવ્ય એ પર પરનો છે, તારો નથી. શરીર, મકાન, કુટુંબ, મા-બાપ એ પરના છે એને તારા કઈ રીતે કરી શકીશ? એ પરને રાજી રાખવામાં તારો પુરુષાર્થ કામ નહીં આવે.

સ્ત્રીને અનુકૂળ સામગ્રી મેળવી આપું, દીકરી-દીકરાને સારે ઠેકાણે પરણાવું-ભાઈ! એ પરનું કાંઈ કરી શકે એમ નથી. એમાં તારો પુરુષાર્થ કામ નહીં આવે. એમ, આત્મા જે પોતાનો છે તે પોતારૂપે થઈ શકશે પણ જે આ પર પદાર્થ છે તે પોતારૂપે નહીં થઈ શકે. અરે! રાગના રજકણ એ પણ પરદ્રવ્ય છે.

નિયમસારમાં તો લીધું છે કે મોક્ષનો માર્ગ છે એ પરદ્રવ્ય છે તેને તું સ્વદ્રવ્ય કરવા માગીશ તો ત્રણકાળમાં એમ નહીં થઈ શકે. એ મોક્ષમાર્ગની પર્યાય પરપણે રહેશે પણ સ્વદ્રવ્યપણે નહીં થઈ શકે. એમ, પર્યાય પર્યાયપણે રહેશે પણ પર્યાયને તું દ્રવ્ય કરવા જઈશ તો એ નહીં બની શકે. પર્યાયને પરદ્રવ્ય કેમ કહ્યું કે જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય આવતી નથી તેમ મોક્ષમાર્ગની પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી માટે તેને પરદ્રવ્ય કહ્યું છે. એ પરદ્રવ્યને પોતાનું કરવા માગશે તો નહીં થઈ શકે. આહાહાહા! ❑❑❑

(પ્રવચન સાગરના.......અનુસંધાન પેજ ૨૧થી ચાલુ)

✍ પર્યાય ધ્રુવદ્રવ્યને જાણે પણ પર્યાયના ઉત્પાદ ને વ્યય ધ્રુવમાં નથી. ધ્રુવ તે પર્યાયનાં ઉત્પાદ-વ્યયને કરતો પણ નથી. ઉત્પાદ-વ્યય તો પર્યાયનો ધર્મ છે, ધ્રુવદ્રવ્યનો ધર્મ નથી.

✍ પર્યાય જે ઉત્પન્ન-ધ્વંશી, અધ્રુવ-વિનાશીક છે તેનું ધ્રુવ દ્રવ્યમાં ગ્રહણ-ત્યાગ નથી.

✍ દિશા ફરતા દશા ફરી જાય છે. દિશા બદલવાની છે, દશા નહીં.

✍ અજ્ઞાનીને એક રાગમાં એકત્વ હોઈ સંયોગમાં કાંઈ ન હોવા છતાં આખી દુનિયાની રુચિ છે. જ્યારે જ્ઞાનીને રાગની રુચિ ન રહેતા સંયોગમાં ગમે તેટલું હો તો પણ તેનું એકત્વ નથી રહ્યું, અનંત સંસારનું કારણ નથી રહ્યું.

✍ સમ્યક્‌દર્શન તો પર્યાય છે પણ તેનો વિષય જે ત્રિકાળી ધ્રુવ એક જ્ઞાયકભાવ છે તે પરદ્રવ્યથી તો ભિન્ન છે, પરદ્રવ્યથી થતા વિકારી પરિણામથી પણ ભિન્ન છે; અરે! એક સમયની નિર્મળ પર્યાયથી પણ ભિન્ન છે!

✍ અપનેસે અલગ હોતા હૈ વો અપના નહીં ઔર જો અપના હૈ વો અપનેસે અલગ હોતા નહીં!

✍ અંતરની સાવધાની છોડી દીધી અને પરમાં-દયા, દાન, પૂજા, ભક્તિ, હિંસા, જૂઠ આદિમાં સાવધાની કરવી એ મોહ જ જીવને મારી નાખે છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# જ્ઞાની કર્મના કર્તા-ભોક્તા નથી

(શ્રી સમયસાર નાટક ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૧૯)

આ, શ્રી સમયસાર-નાટક ગ્રંથ છે. તેમાં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારનું છઠ્ઠુ પદ લેવાનું છે.

यथा जीव करना न कहावै।
तथा भोगता नाम न पावै॥
है भोगी मिथ्यामति मांहि।
गयैं मिथ्यात भोगता नांही॥६॥

અર્થ :—જેવી રીતે જીવ કર્મનો કર્તા નથી તેવી જ રીતે ભોક્તા પણ નથી. મિથ્યાત્વના ઉદયમાં કર્મનો ભોક્તા છે, મિથ્યાત્વના અભાવમાં ભોક્તા નથી.

બહુ સરળ અને સીધી ભાષા છે. ઘણું સીધું સત્ય!

ભગવાન આત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ છે અને પુણ્ય-પાપના ભાવ તે આસ્રવ તત્ત્વ છે. ભગવાન આત્મા આસ્રવતત્ત્વથી ભિન્ન તત્ત્વ છે. એક તત્ત્વ બીજાં તત્ત્વનો કર્તા કહી શકાતો નથી. જીવને અકર્તા તો સિદ્ધ કર્યો હવે જીવને અભોક્તા સિદ્ધ કરે છે. જેમ, આત્માના અનુભવી સમકિતી વ્યવહારનયના વિકલ્પના કર્તા થતાં નથી તેમ, તેના ભોક્તા પણ થતાં નથી; માટે, સમકિતીને રાગ કે સુખ દુઃખના ભોક્તા કહી શકાતાં નથી.

શુભાશુભભાવ વિકાર છે, તેનો ભોક્તા થાય એ મિથ્યાદૃષ્ટિ છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિરૂપ નિજ ચૈતન્યનું જેને ભાન નથી એવા મિથ્યામતી જીવો જ રાગના ભોગી કહેવાય છે. શરીર, વાણી, મન આદિ જડનો કર્તા તો અજ્ઞાની પણ થઈ શકતો નથી કેમકે જડ પરદ્રવ્ય તો તદ્દન પૃથક છે. તેથી, તેનો અજ્ઞાની કર્તા નથી તેમ ભોક્તા પણ નથી. જ્યાં, હું આનંદસ્વરૂપ છું એવી દૃષ્ટિ નથી, મારો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે એવી દૃષ્ટિનો અભાવ છે તેવો મિથ્યામતી હરખ-શોકનો ભોક્તા થાય છે. गयै मिथ्यात भोगता नांही । જ્ઞાની ધર્માત્મા-સમ્યગ્દૃષ્ટિ રાગથી ભિન્ન, શુભાશુભવિકલ્પથી ભિન્ન નિજ તત્ત્વનો અનુભવ કરે છે ત્યાં મિથ્યાત્વ જતાં વિકારનું કર્તા કે ભોક્તાપણું રહેતું નથી. પરદ્રવ્યને

તો અજ્ઞાની પણ ભોગવી શકતો નથી છતાં પરદ્રવ્યના વિષય-ભોગમાં, આબરૂમાં, કીર્તિમાં, શરીરમાં મને મજા પડે છે એવી કલ્પના મિથ્યાદૃષ્ટિને થાય છે. કારણ શું?-કે સુખસાગર એવા અતીન્દ્રિય આત્મતત્ત્વની દૃષ્ટિથી તે ભ્રષ્ટ છે તેથી પરદ્રવ્યને હું ભોગવું છું એવી કલ્પનાથી હરખ-શોકને ભોગવે છે.

અતીન્દ્રિય આનંદસ્વરૂપ નિજ આત્મદ્રવ્યની દૃષ્ટિ નથી તેની દૃષ્ટિ વિકાર ઉપર છે. તેથી, વિકાર ઉપર દૃષ્ટિ હોવાથી તે વિકારને ભોગવે છે. રાગ મારો છે, શુભરાગથી મને ધર્મ થશે એવી જ્યાં સુધી ભ્રમણા છે ત્યાં સુધી એ રાગનો-વિકારનો અને સંસારનો ભોક્તા છે. મિથ્યાત્વ જતાં ભોક્તાપણું રહેતું નથી. મિથ્યાત્વ ગયા પછી છ ખંડને સાધે, કન્યાઓને પરણે તો પણ એ છ ખંડને નહિ પણ અખંડને સાધી રહ્યાં છે.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને રાગ દુઃખસ્વરૂપ છે માટે બંને ભિન્ન છે- એટલું સાંભળીને સમિતિના ઓરડામાં જઈને નિત્યાનંદ ભગવાન રાગથી ભિન્ન છે એવું ઘોલન આખી રાત ચાલ્યું અને સવાર પેલાં તો સોગાનીએ નિર્વિકલ્પ અનુભવ કરી લીધો. સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદનો સ્વાદ લઈને ઊભા થયાં. પછી તો ૧૭ વર્ષ રહ્યાં. ૫૩ વરસે ગુજરી ગયા. એ એકવાર વાત-ચીતમાં બોલી ગયા હતાં કે સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી છ ખંડને નહિ પણ અખંડને સાધતા હતા. સમકિતીની દૃષ્ટિ સદાય અખંડ અભેદ સામાન્ય દ્રવ્યસ્વભાવ ઉપર જ હોય છે. જડની ક્રિયા થતી હોય તે તો જુદી પણ અંદરમાં થોડો રાગ આવતો હોય તેને પણ પૃથક્ રાખીને સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ નિશ્ચય સ્વભાવમાં લીન હોય છે.

સવારના આ નાટક સમયસારના જ બંધ અધિકારના ૩૨મા પદ્યની વાત કરી હતી ને! ૧૯૩મા પાના ઉપર તે ૧૧મો શ્લોક છે. असंख्यात लोक परवान जे मिथ्यात भाव, तेई विवहार भाव केवली उकत हैं । અમૃતચંદ્રાચાર્ય કહે છે કે પરનું કરવું-ભોગવવું, બીજાને જીવાડવો-મારવો બધો મિથ્યાત્વભાવ છે—એમ ભગવાને કહ્યું છે; તો તેમાંથી અમે એવો અર્થ કાઢીએ છીએ કે પર જેનો આશ્રય છે એવા સર્વ વિકલ્પને ભગવાને છોડાવ્યા છે, માટે હે સમકિતી જીવ! તમે તમારાં સ્વરૂપમાં કેમ એકાકાર થતાં નથી? વ્યવહાર-વિકલ્પનો તો તમારે ત્યાગ છે.

બનારસીદાસજીના સમયમાં તો આ શ્લોક ઉપર બહુ ચર્ચા ચાલી હતી. અમે તો શ્વેતાંબર અને દિગંબર બધા શાસ્ત્રો ખૂબ જોયા છે એટલે એક એક ચર્ચાની ખબર છે. મેઘવિજય નામના શ્વેતાંબરના ઉપાધ્યાયે બનારસીદાસજીની આ ગાથાનો વિરોધ કર્યો કે

તમે વ્યવહારને મિથ્યાત્વ કહો છો તો જૈનદર્શન જૂઠું થઈ જશે.

દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાના વ્યવહારને તો ભગવાને ત્યાજ્ય કહ્યાં છે પણ ગુણ-ગુણી ભેદના વિકલ્પરૂપ વ્યવહારને પણ ત્યાજ્ય બતાવ્યો છે. વ્યવહારને ત્યાજ્ય કહ્યો છે તો અરે સંતો! પોતાના નિજાનંદસ્વરૂપમાં લીન કેમ થતાં નથી?

અસંખ્યાત લોક પ્રમાણ જે મિથ્યાત્વભાવ છે તે વ્યવહાર છે–એવો પાઠ લીધો છે ત્યાં તેનો અર્થ એ છે કે જેટલા વિકલ્પના વ્યવહાર છે તેની રૂચિ છે તે મિથ્યાત્વ છે. આવો મારગ છે ભગવાન! તારી ચીજ શું છે તેની ખબર નથી.

जिन्हकौ मिथ्यात्व गयौ, सम्यक् दरस भयौ,
ते नियत–लीन विवहारसौं मुक्त है।।

જુઓ! હજી તો સમ્યગ્દર્શન થયું—રાગથી ભિન્ન એવી ચીજનો અનુભવ થયો તે જીવ વ્યવહારથી મુક્ત છે.

શ્રોતા :—નિયત–લીન એટલે શું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—નિયત–લીન એટલે નિશ્ચયસ્વરૂપમાં જેની દૃષ્ટિ એકાગ્ર છે તે. તેને રાગ થાય છે પણ તેમાં તે લીન નથી. પાઠમાં જ છે કે सम्यक् निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं રાગમાં લીન નથી એવા સમ્યગ્દૃષ્ટિ સંતો રાગથી ભિન્ન પડીને સ્વરૂપમાં એકાગ્ર કેમ થતાં નથી?

આ સ્વસ્વભાવનો પંથ એ જ મોક્ષમાર્ગ છે, એ જ જૈનમાર્ગ છે. निरविकलप निरुपाधि आतम समाधि......આહાહા! રાગરહિત તારી વસ્તુ જ્ઞાન અને આનંદથી લબાલબ ભરી છે. સમ્યગ્દૃષ્ટિનો ઝુકાવ નિજવસ્તુસ્વભાવ તરફ જ છે. વ્યવહાર તરફનો ઝુકાવ સમકિતીને છૂટી ગયો છે. પોતાના ભગવત્ સ્વરૂપનો અનુભવ થયો.... પછી તેમાં સ્થિર થઈને–પરમ પવિત્ર સ્વભાવમાં ઝૂકીને એવો લીન થાય છે કે કર્મ કે રાગથી રોક્યો રોકાતો નથી. આવી તો સમ્યગ્દર્શનની મહિમા છે. તેથી, અહીં છટ્ઠા પદ્યમાં કહ્યું કે गयैं मिथ्यात् भोगता नांही ।

હવે, નીચે આપેલાં ચોથા કળશના પદ્યમાં બનારસીદાસ કહે છે કે :

जगवासी अग्यानी त्रिकाल परजाइ बुद्धी,
सो तौ विषै भोगनिकौ भोगता कहायौ है।

समकिती जीव जोग भोगसौं उदासी तातैं,
सहज अभोगता गरंथनिमैं गायौ है।।
याही भांति वस्तुकी व्यवस्था अवधारि बुध,
परभाउ त्यागि अपनौ सुभाव आयौ है।
निरबिकलप निरुपाधि आतम अराधि,
साधि जोग जुगति समाधिमैं समायौ है।।७।।

અર્થ :—શાસ્ત્રોમાં મનુષ્ય આદિ પર્યાયોમાં હંમેશા અહંબુદ્ધિ રાખનાર અજ્ઞાની સંસારી જીવને પોતાના સ્વરૂપનો જ્ઞાતા ન હોવાથી વિષયભોગોનો ભોક્તા કહ્યો છે અને જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ જીવને ભોગોથી વિરક્તભાવ રાખવાના કારણે વિષય ભોગવવા છતાં પણ અભોક્તા કહ્યો છે. જ્ઞાનીઓ આ રીતે વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને વિભાવભાવ છોડી સ્વભાવનું ગ્રહણ કરે છે અને વિકલ્પ તથા ઉપાધિ રહિત આત્માની આરાધના અથવા યોગ-નિગ્રહ માર્ગનું ગ્રહણ કરીને નિજસ્વરૂપમાં લીન થાય છે.

जगवासी अग्यानी....અજ્ઞાની જીવની હંમેશા રાગ અને એક અંશ ઉપર જ મિથ્યાબુદ્ધિ રહેલી હોય છે તેને દ્રવ્યબુદ્ધિ છે જ નહિ. હું ત્રિકાળ ધ્રુવ જ્ઞાયકમૂર્તિ છું એવી દૃષ્ટિના અભાવમાં જગવાસી અજ્ઞાની પર્યાયબુદ્ધિ જીવો વિષયભોગોના ભોક્તા છે. જેની દૃષ્ટિ વિષયોના રાગ અને વિકલ્પ ઉપર છે તેને જ વિષયોના ભોક્તા કહેવાય છે; કેમ કે તેને વિષયોમાં સુખબુદ્ધિ છે તેથી તે વિષયોનો ભોક્તા થાય છે. સુખ તો એક આત્મામાં જ છે તેને બદલે તેણે વિષયવાસનામાં સુખ માન્યું છે માટે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. જ્યારે, જ્ઞાનીની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે તેથી પોતાના આત્માને રાગથી હટાવીને સ્વરૂપમાં એકાગ્ર થવાનો અભ્યાસ કરે છે તેથી ભલે ભોગનો કાળ હો કે લડાઈનો કાળ હો એ સમયે પણ ધર્મી તો રાગથી ભિન્ન પોતાની એકાગ્રતામાં જ હોય છે. જે રાગમાં અને લડાઈમાં છે તે આત્મામાં નથી. લડાઈની ક્રિયામાં છે તે તો અજીવ છે અને રાગમાં આવ્યો તે આસ્રવમાં આવી ગયો. ધર્મી તો તે બંનેથી પાર પોતાના સ્વભાવની એકાગ્રતામાં રહે છે, તેને જ ત્રણલોકના નાથ પરમાત્મા 'સમકિતી' કહે છે.

દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા કરો તો સમકિત કે નવતત્ત્વની શ્રદ્ધા કરો તો સમકિત છે—એમ ભગવાન કહેતા નથી. તારી મહિમાની તને ખબર નથી. તું તો સત્ ચિદાનંદ પ્રભુ છો. તારી પરમેશ્વરતા તારામાં પૂરી ભરી પડી છે.

જેની દૃષ્ટિ પર્યાય ઉપર છે, રાગ ઉપર છે–એક અંશ ઉપર જ જેની બુદ્ધિ છે, શરીરમાં જ જેને હું પણું છે તે તો વિષયભોગોનો ભોક્તા થાય છે માટે તેને ભોક્તા કહેવાય છે. વિષયોની વાસનામાં તેને મીઠાશ છે તેથી તે આનંદ માનીને વિષયોનો ભોક્તા થાય છે. ખરેખર વિષયની વાસનામાં તો ઝેર છે એ ઝેરમાં તે આનંદ માને છે માટે તે મિથ્યાદૃષ્ટિ છે.

જ્ઞાની–સમકિતી જીવો તો જોગ અને ભોગથી ઉદાસીન છે. જોગ એટલે યોગોનું કંપન અને રાગાદિના કર્તાપણાનો ભાવ–તેનાથી ઉદાસ છે અને રાગાદિ–શુભાશુભભાવના ભોક્તાપણાથી પણ ઉદાસ છે. જગવાસી અજ્ઞાનીજીવો ત્રિકાળ પર્યાયબુદ્ધિ અને ભોગોના ભોક્તા છે જ્યારે એ ભાવથી તદ્દન ગુલાંટ ખાઈને ભોગોથી વિરક્ત થાય છે તે જ્ઞાની છે. અહો! હું તો ત્રિકાળ ચિદાનંદ કંદ છું, એક સમયનો અંશ કે રાગ કે નિમિત્ત હું નથી–એવું અનુભવતા સમ્યગ્દૃષ્ટિ જીવો જોગ અને ભોગોથી ઉદાસ હોવાથી ગ્રંથોમાં તેમને સહજ અભોક્તા કહ્યાં છે.

નોઆખલી–જ્યાં મુસલમાનો હિંદુ ઉપર બહુ જોર કરતાં હતાં ભાઈ-બેનને અને માતા-પુત્રને નગ્ન કરીને તેને ભોગ લેવાનું કહેતાં હતાં અરર! ત્યારે એ હિંદુ પરિવારને એમ થઈ જતું કે જમીન જગ્યા આપે તો સમાઈ જઈએ. એમ, સમકિતીને વિષયોનો રાગ કાળા નાગ જેવો લાગે છે. મારી ચીજ તો આનંદસ્વરૂપ છે તેના ભોગ સિવાય બીજો ભોગ મારે ન હોય. આથી, સમકિતી જીવ જોગ એટલે રાગાદિનું કર્તાપણું અને ભોગ એટલે ભોક્તાપણું એ બંનેથી ઉદાસ છે.

ભાઈ! આ વાત કહેવામાત્ર નથી, વસ્તુનું સ્વરૂપ જ આવું છે. જ્યાં શુદ્ધ ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ થઈ ત્યાં એ આનંદના કર્તા અને આનંદના ભોક્તા છે. જુઓ! આવી સમકિતીની મહિમા છે તો સમકિતના વિષયભૂત ધ્રુવદ્રવ્યની મહિમાનું શું કહેવું?

શ્રોતા :—આવો મહાપદાર્થ પ્રગટ કેમ થતો નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આવા મહાપદાર્થને માને–વિશ્વાસ કરે ત્યારે પ્રગટે ને! અજ્ઞાનીને એનો વિશ્વાસ ક્યાં છે! વસ્તુ તો ત્રિકાળ એકસ્વભાવે છે પણ તેને વિશ્વાસ નથી. સમયસારની છઠ્ઠી ગાથામાં કુંદકુંદઆચાર્ય મહારાજને શિષ્યે પ્રશ્ન કર્યો છે કે આપ કોને શુદ્ધ આત્મા કહો છે? ત્યારે ટીકામાં અમૃતચંદ્રાચાર્યે જવાબ આપ્યો છે કે જ્યારે આત્મા પરદ્રવ્યનું લક્ષ છોડી પોતાના ત્રિકાળી ભગવાન આત્માને સેવે છે ત્યારે તેને 'શુદ્ધ'

કહેવાય છે. દ્રવ્ય તો શુદ્ધ છે જ તેનું લક્ષ કોને આવે કે જે નિમિત્ત અને રાગાદિનું લક્ષ છોડીને ત્રિકાળ ભગવાનની સેવા કરીને શુદ્ધ પર્યાય પ્રગટ કરે ત્યારે એને શુદ્ધ આત્મા અનુભવમાં આવ્યો કહેવાય છે.

તેમ, અહીં કહે છે કે પોતાનો આત્મા તો ત્રિકાળ શુદ્ધ છે પણ તેની અસ્તિનો સ્વીકાર ક્યાં આવ્યો છે! સ્વીકાર ન આવે ત્યાં સુધી એને શુદ્ધ આત્માનું ભાન થયું જ નથી. વસ્તુના સ્વીકારપૂર્વક પર્યાયમાં શુદ્ધતા આવે ત્યારે તેને દ્રવ્યની શુદ્ધતા કહેવાય છે. 'અહો! આ તો આખો આત્મા શુદ્ધ જ છે'. શુદ્ધતાનો ખ્યાલ આવ્યા વિના શુદ્ધ દ્રવ્ય કેમ કહેવાય! જેની દૃષ્ટિ સ્વસન્મુખ થઈ છે તેને માટે દ્રવ્ય શુદ્ધ જ છે. અજ્ઞાનીને તો શુદ્ધનું ભાન જ નથી, તેની બુદ્ધિ તો પરમાં, રાગમાં અને એક અંશમાં જ પોતાપણું માનીને પડી છે.

આ તો લોજિકથી વાત ચાલે છે, હો વકીલ!, બરાબર છે!

થોડું થોડું બપોરે અને સાંજે કષાયપાહુડ વાંચીએ છીએ તો એમ થાય છે કે અહો! આચાર્યોએ કેટલું કામ કર્યું છે! વીરસેનાચાર્ય કેવળજ્ઞાનના કેડાયત થઈ ગયા. ગજબ કામ કર્યા છે. કરણાનુયોગ છે એટલે ઝીણી વાતો છે. કેવળજ્ઞાનીએ જોયા છે એવા ભાવ એમાં ચીતર્યા છે.એમાં પણ ન્યાયની વાત આવી હતી. બધુ વંચાય તો તો પાર આવે તેમ નથી. સાર...સાર વાંચી લઈએ છીએ આ તો સંતોની વાત છે! કેવળીના કેડાયતો થઈ ગયા બધાં!

એમ, અહીં કહે છે કે આ ન્યાય છે કે સમકિતી જોગ અને ભોગથી ઉદાસ હોય છે. શુભાશુભ પરિણામ-જોગ છે અને હરખ-શોક એ ભોગ છે એ બધો વિકાર છે માટે આત્મા તેનાથી ભિન્ન સ્વરૂપે છે. વિષયના વિકલ્પ આવે છે તે સમકિતીને કાળા નાગ જેવા દુઃખરૂપ લાગે છે જ્યારે અજ્ઞાનીને તેમાં જ રસ આવે છે. આ દૃષ્ટિમાં ફેર છે. શરીર સુંદર હો, ખાવા-પીવાની અનુકૂળ સામગ્રી હો અને સ્ત્રી, પુત્ર, પૈસા આદિ પણ અનુકૂળ હો...તેમાં અજ્ઞાનીને મજા પડી જાય છે. અરે પ્રભુ! મજા તો આત્મામાં છે તેને બદલે રાગમાંથી તને મજા ક્યાંથી આવી? આનંદમૂર્તિ પ્રભુને છોડીને તને પરમાં પ્રીતિ થઈ ગઈ! જ્યાં જ્યાં સ્વભાવને છોડીને પરમાં પ્રસન્નતા થાય છે એ બધો મિથ્યાત્વભાવ છે.

શ્રોતા :—આ વાત ફરી કહો ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—કર્તાકર્મ અધિકારમાં પ્રથમ શ્લોકમાં કહ્યું છે કે જેને સ્વરૂપનો પ્રેમ નથી તેને આત્મા પ્રત્યે કોપ છે. રાગનો પ્રેમ છે તેને આત્મા પ્રત્યે દ્વેષ છે-એમ

ભગવાન પોકાર કરે છે. તેમ અહીં કહ્યું છે કે જેને પોતાના આનંદસ્વરૂપ ભગવાન સિવાય કોઈપણ બાહ્યપદાર્થમાં અનુકૂળતાની પ્રીતિ–પ્રસન્નતા આવે છે તે મિથ્યાત્વભાવ છે કેમકે તેમાં પ્રસન્નતા માનવા જેવું કાંઈ છે નહિ છતાં એણે પ્રસન્નતા માની છે. એક ક્ષણમાં અબજો રૂપિયા આવે તો પણ ધર્મીને તેમાં પ્રસન્નતા આવતી નથી. ઉપરથી અપ્સરાઓ ઉતરીને સેવા કરે તોપણ આનંદ માનતા નથી. અરે! અમારો આનંદ તો અમારી પાસે છે તે બહારથી ક્યાંથી આવે.

બહારમાં પ્રસન્નતા વેદાય જાય છે તે મિથ્યાત્વનું વેદન છે. ૬૮ની સાલની વાત છે, જ્યારે દીક્ષા લીધી ન હતી, ગૃહસ્થાશ્રમમાં હતા ત્યારે ભાવનગર ગયા હતાં ત્યાં ધ્રુવનું નાટક ચાલતું હતું. અમે વૈરાગી નાટક તો બહુ જોતાં હતાં. તો ધ્રુવનું નાટક જોવા ગયા. બારઆનાની ટિકીટ હતી. ધ્રુવ નામનો છોકરો હતો અને તેની માતા ગુજરી ગઈ હતી અને નવી માતા હતી. એકવાર ધ્રુવને વૈરાગ થઈ ગયો તો ધ્યાનમાં બેઠો હતો ત્યાં ઉપર સ્વર્ગમાંથી દેવી તેને ચલાયમાન કરવા માટે આવી અને અનેક પ્રકારની ચેષ્ટે કરવા લાગી, ત્યારે ધ્રુવ કહે છે, “માતા! તમારું શરીર એવું સુંદર છે તો જો મારે એકાદ ભવ કરવો પડશે તો તમારી કુંખે અવતાર લઈશ. બીજી વાત નહિ”. આ તો અન્યમતની વાત છે. આપણે તો એ દ્રષ્ટાંત લઈને કહેવું છે કે સમ્યગ્દષ્ટિને પણ બીજી વાતનું પોષણ નથી ભલે ઈન્દ્ર- ઈન્દ્રાણી સેવામાં હાજર થઈ જાય કે ચૌદ રાજલોકના જીવો આમંત્રણ આપે તો પણ કોઈ ચીજને પોતાની માનવા તૈયાર નથી. માટે, <u>सहज अभोगता ग्रंथनिमें गायौ है।</u> સંતોએ, આચાર્યોએ શાસ્ત્રોમાં સમ્યગ્દષ્ટિને આ કારણે જ સહજ અભોક્તા કહીને બિરદાવ્યો છે. રાગને ભોગવે એવો કોઈ ગુણ આત્મામાં નથી. આત્મામાં તો આનંદને ભોગવવાનો ગુણ છે.

જેના પેટમાં સવા નવ માસ પોતે રહ્યો હોય એવી માતાનું શરીર નગ્ન હોય તો પણ શું તેને દેખવામાં પુત્રને રસ હોય! ઉદાસ...ઉદાસ...હોય. રામ-લક્ષ્મણની વાત આવે છે ને! ૧૨ વર્ષ તો રામ-લક્ષ્મણ-સીતા જંગલમાં સાથે રહ્યાં છે, લક્ષ્મણ જંગલમાંથી ફળ લાવે છે અને ભાઈ-ભાભીને ખવરાવે છે. સીતાને રાવણ હરી ગયા પછી બંને ભાઈ શોધવા નિકળે છે ત્યારે રસ્તામાં નૂપૂર આદિ પડેલાં જોઈને રામ લક્ષ્મણને પૂછે છે કે ભાઈ! આ સીતાના નૂપૂર છે? ત્યારે લક્ષ્મણ કહે છે ભાઈ! એકવાર હું માતા સીતાને પગે લાગતો હતો ત્યારે આ નૂપૂર ઉપર દૃષ્ટિ પડી હતી એ જ લાગે છે. બાકી માની મને કાંઈ ખબર નથી. જુઓ! વાસુદેવ જેને ભોગીપુરુષ કહેવામાં આવે છતાં ભાભી ઉપર જરાય દૃષ્ટિમાં ફેર નથી. એમ અહીં કહે છે કે સમ્યગ્દષ્ટિ જોગ અને ભોગથી ઉદાસ છે. સહજ અભોક્તા

છે, હઠથી અભોક્તા થયો નથી. સ્વાભાવિકપણે જ વિષયોનો અને રાગનો અભોક્તા છે.

જુઓ! આ સમ્યગ્દર્શન અને તેનું ધ્યેય ધ્રુવ! તેની ખબર વગર વ્રત-તપાદિ કરે તો એ એકડાં વિનાના શૂન્ય જેવા છે. વિષયને ભોગવતાં છતાં સમ્યગ્દૃષ્ટિને અભોક્તા કહ્યાં કેમકે લોકોની દૃષ્ટિમાં તો એમ દેખાય કે આ જ્ઞાની છે છતાં સોનાની થાળીમાં જમે છે, વ્યાપાર આદિ કરે છે! પણ, લોકોને ખબર નથી કે સમ્યગ્દૃષ્ટિ વિષયોને નહિ પણ પોતાના આનંદને ભોગવે છે. રાગના અને વાસનાના ભોગને જ્ઞાની ભોગવતા નથી.

જુઓ! આ સર્વવિશુદ્ધ અધિકાર!

શ્રોતા :—જ્ઞાની કાંઈ કરતા જ નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્ઞાની પોતાના અંતરમાં એકાગ્ર થાય છે અને રાગથી ખસે છે–એ કાર્ય નથી? વસ્તુની વ્યવસ્થા જે રીતે છે તે રીતે નક્કી કરવી એ પણ એક કાર્ય જ છે. આ પરદ્રવ્ય અને રાગાદિ તે હું નહિ, વિષય વાસનાનો અનુભવ મારો નથી, આનંદનો અનુભવ એ જ મારો સ્વભાવ છે—એવો નિર્ણય કર્યો છે તે જ્ઞાનીનું કાર્ય છે.

'સમ્યગ્દૃષ્ટિ જીવડાં, કરે કુટુંબ પ્રતિપાલ,
અંતરથી ન્યારાં રહે, જેમ ધાવ ખીલાવે બાળ.'

ધાયમાતા બાળકને દુધ પીવડાવે, પાલન-પોષણ કરે પણ અંતરથી જાણે છે કે આ મારો પુત્ર નથી, મોટો થઈને એ મારું પાલન કરશે એવી આશા નથી. તેમ, ધર્મીને નિજ સ્વભાવનું ભાન થયું હોવાથી કોઈપણ પરચીજના સંયોગમાં આવવા છતાં તે મારી છે કે સારી છે કે ભોગવવા લાયક છે એવો અભિપ્રાય બનતો નથી.

આવી સમકિતની મહિમાના ભાન વગર કોઈને ધર્મ થઈ જાય એમ કદી બને નહિ.

હું અતીન્દ્રિય આનંદમય છું, રાગભાવ દુઃખમય છે. હું જીવતત્ત્વ છું અને આસ્રવ મારાથી ભિન્ન તત્ત્વ છે, તેનો ભોક્તા હું નહિ. ભિન્ન તત્ત્વનો ભોક્તા થાઉં તો તો બે તત્ત્વ એક થઈ જાય.

આ રીતે વસ્તુની વ્યવસ્થા જ્ઞાનમાં અવધારીને જ્ઞાની વિભાવભાવ છોડીને સ્વભાવભાવનું ગ્રહણ કરે છે. જુઓ! જ્ઞાનીને પરભાવનો ત્યાગ છે તે ત્યાગ નથી? 'રાગ હું નથી' એવી દૃષ્ટિ હોવાથી દૃષ્ટિમાં રાગનો સર્વથા ત્યાગ આવી ગયો. રાગના કર્તા અને ભોક્તાપણાની દૃષ્ટિ રહિત થઈ, વિકલ્પ અને ઉપાધિથી રહિત આત્માની આરાધના અથવા

યોગ-નિગ્રહમાર્ગનું ગ્રહણ કરીને જ્ઞાની નિજસ્વરૂપમાં લીન થાય છે. આ કોઈ બહારની વસ્તુ નથી પણ અંતરના ભાવની વાત છે. શુદ્ધ ચૈતન્યઘનની દૃષ્ટિ થઈ છે. તેથી હવે જ્ઞાની સ્વભાવનું આરાધન કરીને સ્વભાવમાં લીન થાય છે. રાગની લીનતા છૂટી ગઈ છે. પરિણતીમાં રાગ હોવા છતાં દૃષ્ટિમાંથી રાગ છૂટી ગયો છે. દૃષ્ટિમાંથી રાગ ન છૂટે ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ થતી જ નથી. સમ્યક્ દૃષ્ટિ એટલે જ યથાર્થ દૃષ્ટિ–વાસ્તવિક દૃષ્ટિ. રાગમાં સુખ નથી એવી દૃષ્ટિ થયા વિના વાસ્તવિક દૃષ્ટિ થતી નથી.

અનંતજીવો આ વીતરાગી માર્ગનું સેવન કરીને મોક્ષે ગયા છે.

'જ્ઞાનકલા જિસકે ઘટ જાગી, તે જગમાંહી સહજ વૈરાગી,
જ્ઞાની મગન વિષયસુખમાંહી, યહ વિપરીત સંભવે નાંહિ.'

વિષયભોગ હોવા છતાં જ્ઞાનીને તેમાં રસ નથી, રસ છૂટી ગયો છે. અતીન્દ્રિય ભગવાનનો આત્મરસ ચાખે છે તેને ઈન્દ્રના વૈભવ કે વિષયોના રસ છૂટી જાય છે ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે

साधि जोग जुगति समाधिमैं समायौ है। યોગ-નિગ્રહનો માર્ગ સાધીને જ્ઞાની સમાધિમાં એટલે નિજસ્વરૂપમાં સમાઈ જાય છે.

ક્ષણે ને પળે જેઓ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનમાં ઝૂલતાં હતાં એવા વનવાસી દિગંબર સંતોની આ રચના છે. જેના ચરણમાં ગણધરદેવના નમસ્કાર પહોંચે છે એ પદ કેવું હશે!

એ કોઈ અલૌકિક પદ છે णमो लोए सव्व साहूणं. સાધુઓ વીતરાગભાવમાં મસ્ત હોય છે. જેની નિદ્રા પણ પોણી સેકંડમાં ખૂલી જાય છે. કેમકે છઠ્ઠા ગુણસ્થાનનો સમય પોણી સેકંડનો જ હોય છે એટલી વારમાં જરાં નિદ્રા આવી જાય છે. જો એક સેકંડ નિદ્રા આવી જાય તો છઠ્ઠું ગુણસ્થાન ન રહે. આવી વસ્તુની સ્થિતિ છે. ધવલમાં આ વાત આવે છે. છઢાળામાં આવે છે કે 'ભૂ માંહી પિછલી રયનીમાં કછુ શયન એકાશન કરન;....

આ તો બધી પરમાત્મા–સર્વજ્ઞદેવના વારસદાર એવા સંતોએ કહેલી વાત છે. કોઈએ કલ્પનાથી કહેલી વાત નથી. ધન્ય અવતાર! જેણે મનુષ્યપણા સફળ કર્યા છે. કેવળજ્ઞાન લેવાની તૈયારી છે. અહીં તો સમકિતીની વાત કરી છે. તે પણ દૃષ્ટિ અપેક્ષાએ રાગથી વિરક્ત છે. અસ્થિરતા છે તેનો સ્વરૂપમાં સ્થિરતા વડે નાશ કરી નાંખશે. 'જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે' એટલે શું ભોગ નિર્જરાનો હેતુ હોઈ શકે?–ના. પણ, જ્ઞાનીને

શુદ્ધસ્વભાવની દૃષ્ટિ છે અને આનંદમાં લીન છે તે અપેક્ષાએ ભોગથી થતા અલ્પ બંધને ગૌણ કરી ભોગને નિર્જરાનો હેતુ કહ્યો. તેથી કાંઈ ભોગ નિર્જરાનો હેતુ થતો નથી. ભોગ તો રાગ છે—અશુભભાવ છે પણ તે વખતે અંતરમાં શુદ્ધતાની દૃષ્ટિ છે અને આનંદની પરિણતી છે તેથી શુદ્ધતાના જોરે અશુભભાવની ગણતરી ગણી નથી.

चिनमुद्राधारी ध्रुव धर्म अधिकारी गुन,
रतन भंडारी अपहारी कर्म रोगकौ।
प्यारौ पंडितनकौं हुस्यारौ मोख मारगमैं,
न्यारो पुदगलसौं उज्यारौ उपयोगकौ॥
जानै निज पर तत्त रहै जगमैं विरत्त,
गहै न ममत्त मन वच काय जौगकौ।
ता कारन ग्यानी ग्यानावरनादि करमकौ,
करता न होइ भोगता न होइ भोगकौ॥८॥

અર્થ :—ચૈતન્ય-ચિહ્નનો ધારક, પોતાના નિત્યસ્વભાવનો સ્વામી, જ્ઞાન આદિ ગુણરૂપ રત્નોનો ભંડાર, કર્મરૂપ રોગોનો નાશ કરનાર, જ્ઞાનીઓને પ્રિય, મોક્ષમાર્ગમાં કુશળ, શરીર આદિ પુદ્‌ગલોથી ભિન્ન, જ્ઞાન-દર્શનનો પ્રકાશક, નિજ-પરતત્ત્વનો જ્ઞાતા, સંસારથી વિરક્ત, મન-વચન-કાયાના યોગોના મમત્વ રહિત હોવાને કારણે જ્ઞાનીજીવ જ્ઞાનાવરણાદિ કર્મોના કર્તા અને ભોગોના ભોક્તા થતા નથી.

चिनमुद्राधारी ध्रुव धर्म...ધર્મીની દૃષ્ટિ તો ધ્રુવધર્મ ઉપર છે. પર્યાયબુદ્ધિ છૂટી ગઈ અને દ્રવ્યબુદ્ધિ થઈ ગઈ. પર્યાય છે તેનો ખ્યાલ બરાબર રાખે છે પણ તેનો આશ્રય લેતા નથી.

ચૈતન્ય ચિહ્નનો ધરનાર ભગવાન આત્મા નિજ સ્વભાવનો સ્વામી છે. જ્ઞાનમુદ્રાનો ધારક આત્મા ત્રિકાળી ધ્રુવધર્મનો અધિકારી છે. જ્યારે અજ્ઞાની તો નિરંતર પ્રકૃતિસ્વભાવમાં લીન રહ્યો થકો ઉદયને વેદે છે. જ્ઞાની તો ધ્રુવધર્મના અધિકારી છે. તેમની પાસે ભંડાર છે, શેનો?–કે ગુણરત્નોનો ભંડાર છે. ધનાદિ ધૂળના ભંડારને જ્ઞાની પોતાનો ભંડાર માનતા નથી.

જ્ઞાની રાગાદિ કર્મરૂપી રોગનો નાશ કરનારા છે, રક્ષા કરનારા નથી; માટે જ્ઞાનીને કર્મના કર્તા-ભોક્તા કહેવાતા નથી.

વિશેષ કહેવાશે. (ક્રમશઃ)

* * *

# સુગમ દૃષ્ટાંત — ગહન સિદ્ધાંત

કોઈ મૂઢ અજ્ઞાની મનુષ્ય મોતીન કી માલા ધાગા કે નિમિત્ત તોડી ડારૈ તૈસે હી ઈન્દ્રિય-સુખકા લોભી મનુષ્ય આયુરૂપી મોતીન કી માલા તજૈ હૈ.

ભાવાર્થ :– જૈસે કોઈ મૂર્ખ જીરણ–ગલ્યા વસ્ત્ર ફટા દેખી તાકે સીવને કૌં તાગા (ધાગા) ઢૂંઢૈ થા, સો નહીં મિલ્યા તબ મનોહર મોતીન કી માલા થી સો તાહી દેખ વિચારી, જો ઈસ વસ્ત્ર સીવને કોં તાગા મેરી મોતી કી માલા મૈં હૈ. તબ તાગા નમિત્ત મૂરખ ને મોતી કી માલા તોડિ કૈં તાગા લેય જીરણ વસ્ત્ર સીયા. સો મોતી, તાગા બિના વિખર ગયે.

સો ઉસ મનુષ્ય કી મૂરખતા કો દેખો કિ જીર્ણ વસ્ત્ર કે નિમિત્ત મોતી કી માલા વૃથા કરી, સો યહ મહામૂર્ખ જાનના. તૈસે હી, ભોરે સંસારી જીવ ઈન્દ્રિયન કે વિનાશીક–આકુલતા સહિત સુખરૂપી પુરાણા વસ્ત્ર, તામૈં ભી તાકૌં બહુત દિન થિરીભૂત રખાવે કૂં અરુ તિસતૈં અપની શોભા જાનિ કૈં આપ જ્ઞાન કી મૂઢતા તૈં ઐસે ગ્લાનિકારી ઈન્દ્રિય-સુખરૂપ કપડા તાકે સીવને કૌં અપને મનુષ્ય આયુરૂપી મોતીન કા હાર તોડે તાકે દિન-ઘડીરૂપ તાગા કાટિ વિષય-સુખ-કષાયરૂપ વસ્ત્ર કૌં શાશ્વતા રખાવે કૌં સીવતા ભયા. અરુ મનુષ્યાયુરૂપી મોતિનકા હારકી શોભા નાહીં સમઝા. સો આયુષ કે સમય તેઈ ભયે મોતી તિનકો વૃથા ખોવતા ભયા. સો ઈસ ભૂલ કી કહા કહિયે!!!

અબ મનુષ્ય આયુ બાર બાર કહાં હૈ. વિષય-ભોગ તૌ ગતિ-ગતિ મેં આવૈ હૈં. આગે બહુ ભોગૈ હૈં! તાતેં જો મનુષ્ય આયુરૂપી મોતીન કા હાર તોડી તિસકે દિનરૂપી તાગા લેય કૈં વિષય-કષાયરૂપી વસ્ત્ર સીંવ રાખી સુખ માનૈં તાકે જ્ઞાન કી કહાંતાઈ હીનતા કહીયે!!!

જૈસે કોઈ જ્ઞાન–દરિદ્રી ભોરા જીવ, સુખ કે નિમિત્ત ભ્રમણ કરતે મનુષ્ય-પર્યાયરૂપી ચિંતામણી–મનવાંછિત સુખ કા દેને હારા રતન પાયા. તાકો અલ્પજ્ઞાની ભોરા જીવ, વિષય–કષાયરૂપી કોરે ચને કે લિયે બેચૈ તથા કોઈ જીવ સુખ કે નિમિત્ત અનેક દેશાન્તર ભ્રમતા-ભ્રમતા કલ્પવૃક્ષ પાયે. તાકે પાસ બાલબુદ્ધિ હલાહલ જહર જાચૈં તૈસે, મનુષ્ય પર્યાય શિવસુખ કી દાતા, તાકૂં પાય હીન–જ્ઞાની જીવ વિષયભોગ–કાલકૂટ–હલાહલ જહર જાચ હર્ષ માનૈ!

*(સુદૃષ્ટિ તરંગિણી, ભાગ- ૧)*

* * *

# ❀ પ્રવચન-સાગરનાં અણમૂલાં રત્નો ❀

✍ શ્રોતા :—વિભાવિક શક્તિ હૈ તો વિકાર હોતા હૈ ન?

પૂજ્ય ગુરુદેવશ્રી :—નહીં, વો તો ચાર દ્રવ્યમેં નહીં ઔર દો દ્રવ્ય-જીવ ઔર પુદ્‌ગલ મેં હૈ તો કહને મેં આતા હૈ કી વિભાવિક શકિતસે વિકાર હુવા, વો તો સિર્ફ ઉપચારકા કથન હૈ. વૈસે તો વિભાવિક શક્તિ તો સિદ્ધ કો ભી હૈ લેકિન ઉનકો વિકાર નહીં હૈ, ઉનકો વિભાવિક શક્તિ પૂર્ણ શુદ્ધ પરિણમ ગઈ હૈ ઔર અજ્ઞાનીકો વિભાવિક શક્તિ પૂર્ણ અશુદ્ધ પરિણમ રહી હૈ સો વિકારી હૈ. લેકિન વિભાવિક શક્તિ સે વિકલ્પ જીવમેં હોતા હૈ વો બાત બિલકુલ હૈ હી નહીં.

✍ રાગ તેરી ચીજ હૈ હી નહીં ઔર તૂ રાગ કા કર્તા નહીં. આહાહા! અરે! એક સમય કી પર્યાય કો અપના માનના વો ભી મિથ્યાત્વ હૈ. અંદર મેં પરિપૂર્ણ જ્ઞાન, આનંદ, પ્રભુતા ભરી પડી હૈ ઉસકો માનતા નહીં ઔર પર્યાયમેં રાગ હૈ ઉસકો અપનાતા હૈ! અરે પ્રભુ! એક સમય કી પર્યાય જિતના તૂ નહીં હૈ.

✍ અનંતબાર મહાવિદેહ મેં ગયા હૈ ઔર અનંત બાર સમવસરણ મેં જાકે મણિરતન કે દિયા સે સાક્ષાત્ તીર્થંકર કી પૂજા-ભક્તિ કરી ફિર ભી રાગબુદ્ધિ-પર્યાયબુદ્ધિ છોડી નહીં સો સંસાર મેં ભટક રહા હૈ.

✍ શરીર, વાણી, મન તો પુદ્‌ગલ હૈ હી, જો અંદર કર્મ હૈ વો ભી પુદ્‌ગલ હૈ હી લેકિન જો પુણ્ય-પાપકા ભાવ હોતા હૈ વો ભી પુદ્‌ગલ હૈ, અજીવ હૈ, અચેતન હૈ, અશુચિ હૈ, જડ હૈ! આહાહા! ક્યોંકિ ચૈતન્ય-પ્રકાશકા અંશ રાગ મેં નહીં હૈ ઔર રાગ ખુદ જાનતા નહીં હૈ લેકિન ચેતન હૈ વો રાગ કો જાનતા હૈ સો રાગ અચેતન હૈ, દુ:ખરૂપ હૈ. આહાહા!

✍ જડસ્વરૂપ વો જ્ઞેય ઔર આત્મા જ્ઞાયક હૈ વો ભી વ્યવહાર હૈ. નિશ્ચયસે તો અપના આત્મા હૈ વો હી જ્ઞેય હૈ, આત્મા હી જ્ઞાયક હૈ ઔર આત્મા હી જ્ઞાતા હૈ.

✍ અપના ચૈતન્ય સ્વભાવ તો જાનનહાર હૈ. અપને કો તો જાનતા હૈ ઔર અપને મેં જો રાગ હોતા હૈ ઉસ રાગકી પર્યાય કો ભી જાનતા હૈ. લેકિન જો જાનનેવાલી પર્યાય હૈ વહ ત્રિકાળી દ્રવ્યરૂપ હોતી નહીં. આત્મા રાગ કા કર્તા નહીં, રાગ કો જાનતા હૈ. વો પર્યાય જો જાનનેવાલી હૈ વો દ્રવ્ય મેં ઘુસ જાતી નહીં, દ્રવ્યરૂપ હો જાતી નહીં.

વો જાનનેવાલી પર્યાય રાગરૂપ તો હોતી નહીં, કર્મરૂપ હોતી તો નહીં લેકિન દ્રવ્યરૂપ ભી હોતી નહીં.

✍ રાગનો ત્યાગ કરવો એ તો વ્યવહાર કથન છે. વાસ્તવમાં તો રાગનું ગ્રહણ જ નથી કરતો તો ત્યાગ કરવો ક્યાં રહ્યો! આહાહા! રાગનો ત્યાગ કરવા જાય તો તો દૃષ્ટિ રાગ પર જાય છે. ધર્મીજીવ રાગનો કર્તા કે રાગનો ત્યાગ કરતા નથી પણ રાગનો જાણનાર છે.

✍ એક સમયની પર્યાય ભલે શ્રુતજ્ઞાનની પર્યાય હો પણ તે એક જ સમયમાં સ્વ-દ્રવ્યનું જ્ઞાન કરે છે અને છ-દ્રવ્યનું પણ જ્ઞાન કરે છે. પર્યાય અલ્પ ભલે હો પણ એ જ્ઞાનગુણની એક સમયની પર્યાયની એટલી તાકાત છે. પર્યાયમાં સ્વદ્રવ્ય કે છ-દ્રવ્ય આવતા નથી પણ તેનું જ્ઞાન આવી જાય છે.

✍ દ્રવ્ય-ગુણ ત્રિકાળ સત્ છે અને પર્યાય એ એક સમયનું સત્ છે.

✍ દૃષ્ટિ અને દૃષ્ટિનાં વિષયમાં રાગ નથી. દૃષ્ટિની સાથે જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે જ્ઞાનમાં એમ જાણે છે કે રાગ મારામાં–પર્યાયમાં થાય છે. પર્યાય તે વ્યવહાર.

✍ આહાહા! ધ્રુવ ભગવાન આત્મામાં દ્રવ્યેન્દ્રિય તો નથી, ભાવેન્દ્રિય પણ નથી અને ઈન્દ્રિયનો વિષય પણ નથી. અરે! એક સમયની જ્ઞાનની પર્યાયનો પણ ધ્રુવતત્ત્વમાં સમાવેશ નથી! પર્યાય પણ પરદ્રવ્ય છે. દ્રવ્યમાં પર્યાય નથી. આહાહા!

✍ ધ્રુવ ક્યારે પણ પરિણમતું નથી. જો ધ્રુવને પરિણમન હોય તો પછી તે પોતે જ પર્યાય થઈ જાય! આહાહા!

✍ નવતત્ત્વરૂપ વસ્તુનો ભેદરૂપ અનુભવ તે મિથ્યાત્વ છે.

✍ ભગવાન આત્મા ક્યારેય પણ રાગમાં તો આવ્યો નથી પણ પર્યાયમાં પણ આવ્યો નથી.

✍ પરદ્રવ્યથી ભિન્ન અને ધ્રુવ સ્વભાવથી અભિન્ન-એકત્વ—એવો નિર્ણય કરનારી પર્યાય પણ દ્રવ્યથી ભિન્ન છે. પર્યાય ધ્રુવથી ભિન્ન રહીને એકત્વ-વિભક્તનો નિર્ણય કરે છે. નિર્ણય કરવા જતાં દ્રવ્ય સાથે ભળી જતી નથી.

✍ સમ્યક્દર્શનનો વિષય પર્યાય નથી પણ પર્યાય વિનાનું ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે.

✍ જેમ, ગમે તેટલો પવન હોય પણ મેરુ પર્વત ડગે નહીં તેમ, પર્યાય ગમે તેટલી બદલાય–પરિણમે પણ ધ્રુવ દ્રવ્ય પલટે નહીં!

(અનુસંધાન પેજ ૮. પર)

## વૈરાગ્ય સમાચાર :—

વાંકાનેરનિવાસી (હાલ મુંબઈ) જયાબેન અમૃતલાલ શેઠના સુપુત્ર શ્રી કિશોરચંદ્ર અમૃતલાલ શેઠ (વર્ષ–૬૭) તા. ૭-૮-૦૬ શ્રાવણ સુદ–૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયાનિવાસી જસવંતરાય ચંપકલાલ ડગલી (હાલ વડોદરા)ના ધર્મપત્ની સ્મિતાબેન જસવંતરાય ડગલી (વર્ષ–૫૮) તા. ૨૫-૧૦-૦૬ કારતક સુદ-૩ના રોજ ટૂંકી બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે.

અમદાવાદનિવાસી મનોહરલાલ જસકરણલાલ જૈન (વર્ષ–૫૩) તા. ૨-૧૧-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જામનગરનિવાસી પુષ્પાબેન દોલતરાય મહેતા (વર્ષ–૮૪) તા. ૫-૧૧-૦૬ કારતક સુદ-૧૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સુધી સોનગઢનો લાભ લીધો હતો. અંત સમયમાં દેવ-શાસ્ત્ર-ગુરુનું તથા જ્ઞાયકનું જ રટણ હતું.

ઉમરાળાનિવાસી રસીકલાલ ચુનીલાલ મહેતાના મોટા બહેન સવિતાબેન બાબુલાલ જૈન (વર્ષ–૮૮) માગસર સુદી– તા. ૨૧-૧૧-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

હેરો–લંડનનિવાસી શ્રીમતી નીરંજના (નીરૂ) અવંતીલાલ જસાણી (વર્ષ–૬૫) તા. ૧૬-૧૦-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મોરબીનિવાસી વિમલબેન નીખીલભાઈ સંઘવી (સંઘવી રતીલાલ માણેકચંદના સુપુત્ર ઈન્દુભાઈનાં સુપુત્ર નીખીલભાઈ સંઘવીનાં ધર્મપત્ની) (વર્ષ–૩૯) કારતક સુદ-૪ તા. ૨૬-૧૦-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મુંબઈનિવાસી કંચનબેન મહેન્દ્રભાઈ મહેતા (વર્ષ–૫૩)નું તા. ૧૮-૧૦-૦૬ના રોજ કેન્સરની ૨વર્ષની બિમારીથી આત્મિક ચિંતન સાથે જાગૃત અવસ્થામાં દેહત્યાગ થયો છે.

દાહોદનિવાસી કનુભાઈ હજારીમલ શાહનું તા. ૨૯-૧૧-૦૬ના રોજ અવસાન થયેલ છે.

વેરતીયાનિવાસી (હાલ રાજકોટ / જામનગર) સ્વ. શ્રી મગનલાલ દામોદરભાઈ વાધરના પુત્ર આત્માર્થી ભાઈશ્રી જયેન્દ્રભાઈ (વર્ષ–૫૭) તા. ૨૯-૭-૦૬ શ્રાવણ સુદ-૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સાયલાનિવાસી (હાલ સાંતાક્રુઝ–મુંબઈ) શ્રી રમેશભાઈ શાંતિલાલ શાહ (વર્ષ–૬૫) જેઓ શ્રી જયસુખભાઈ છગનલાલ વાધરના જમાઈ હતા, તેઓ તા. ૩૦-૮-૦૬ ભાદરવા સુદ ૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વેરતીયાનિવાસી (હાલ જામનગર / મુંબઈ) શ્રી છગનલાલ કાળિદાસ વાધર-પરિવારના વડીલ ભાઈશ્રી ખીમચંદભાઈ (વર્ષ–૮૨) આસો સુદ ૨, તા. ૨૪-૧૦-૦૬, રવિવારના રોજ અંતિમ ક્ષણો સુધી સ્વાધ્યાય તેમજ જ્ઞાયકનું રટણ કરતાં કરતાં સ્વર્ગવાસ પામેલ છે. મુરબ્બી શ્રી ખીમચંદભાઈ વીતરાગ દેવ--શાસ્ત્ર-ગુરુ અને પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી અને પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રતિ શ્રદ્ધા-ભક્તિથી અર્પાયેલ એક સારા મુમુક્ષુ હતા. તેઓ જિનેન્દ્ર-અભિષેક-પૂજા તેમજ નિયમિત પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની વાણીનું શ્રવણ તેમ જ સ્વાધ્યાય કરતા. શ્રવણ કરતાં હર્ષોદ્‌ગાર અવારનવાર વ્યક્ત કરતા. આવો ધર્મપ્રેમી આત્મા પોતાની ભાવનામાં આગળ વધીને શાશ્વત સુખને પ્રાપ્ત થાઓ.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી સમયસાર કળશ-ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન |

**શ્રી કુંદકુંદ-આચાર્યપદારોહણદિન**—આપણા પરમ પૂજ્ય દિગંબર-આચાર્યશિરોમણિ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્યપદારોહણદિન' માગશર વદ-૮, મંગળવાર, તા. ૧૨-૧૨-૨૦૦૬ના દિવસે છે. આ અવસર શ્રી સીમંધરસ્વામી-સમવસરણમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક સંપન્ન કરવામાં આવશે.

**ધાર્મિક શિક્ષણવર્ગ**—ડિસેમ્બર માસની રજાઓમાં તા. ૨૦-૧૨-૨૦૦૬, શુક્રવારથી તા. ૨૯-૧૨-૨૦૦૬, શુક્રવાર—૧૦ દિવસ સુધી સોનગઢમાં 'ધાર્મિક શિક્ષણવર્ગ'નું આયોજન કરવામાં આવ્યું છે. અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થિઓને સોનગઢ પધારવાનું ટ્રસ્ટ તરફથી નિમંત્રણ છે. આ દિવસોમાં તા. ૨૪-૧૨-૨૦૦૬ થી તા. ૨૯-૧૨-૨૦૦૬ સુધી શ્રી કહાન-પુષ્પ પરિવાર આયોજિત ષષ્ઠમ 'અધ્યાત્મ જ્ઞાન શિબિર' અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં રાખેલ છે. સર્વે મુમુક્ષુઓને પોતાના બાળકોને આ 'આધ્યાત્મિક જ્ઞાન શિબિર'માં મોકલવા શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢનો સાગ્રહ અનુરોધ છે.

### ❀ આત્માર્થી-સાધર્મી મુમુક્ષુઓને નમ્ર વિનંતી ❀

કૃપાનિધાન પૂજ્ય શ્રી કહાનગુરુદેવ તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતી માતાની સાધનાભૂમિ સોનગઢમાં પધારનાર સર્વે સાધર્મીઓને જણાવવાનું કે આપ જો ભોજનાલયનો લાભ લેવા ઇચ્છતા હો તો, આપ ક્યારે, કેવી રીતે ને કેટલી સંખ્યામાં આવો છો તે વિગત અગાઉથી નીચે જણાવેલ ફોન નંબર ઉપર આપવા નમ્ર વિનંતી.

શ્રી હરેશભાઈ ફોન નંબર : **(02846) 320532**

મોબાઈલ નંબર : **09376186879**

*ગુજરાત પ્રાન્તના સૌરાષ્ટ્રની પ્રસિદ્ધ નગરી સુરેન્દ્રનગરમાં*

# મંદિર-ધ્વજ-કળશ-પ્રતિષ્ઠા તથા
# નવનિર્મિત
# શ્રી પાર્શ્વનાથ ભગવાનની વેદી પ્રતિષ્ઠા મહોત્સવ

તા. ૨૯-૧-૨૦૦૭ થી ૩૧-૧-૨૦૦૭

અત્યંત આનંદોલ્લાસ સહ નિવેદન છે કે સ્વાનુભવમુદ્રિત શુદ્ધ અધ્યાત્મ-માર્ગના સ્વર્ણિમ યુગપ્રવર્તક આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીના તથા સ્વાનુભવવિભૂષિત વિશિષ્ટોપકારી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સાતિશય ધર્મોપકાર પ્રતાપથી તથા આપણા આદરણીય ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની પરમાગમ અનુવાદરૂપ ઉપકાર છાયામાં, ગુજરાત પ્રાંતના સૌરાષ્ટ્રની પ્રસિદ્ધ નગરી સુરેન્દ્રનગરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પવિત્ર કરકમળે પ્રતિષ્ઠિત શ્રી શાંતિનાથસ્વામી જિનમંદિરનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું હોવાથી આ પુનઃનિર્મિત શ્રી શાંતિનાથસ્વામી જિનમંદિરમાં મંદિર-ધ્વજ-કળશ પ્રતિષ્ઠા તથા શ્રી પાર્શ્વનાથ ભગવાનની વેદી પ્રતિષ્ઠા મહોત્સવનું મંગળ આયોજન સોમવાર તા. ૨૯-૧-૨૦૦૭ થી બુધવાર તા ૩૧-૧-૨૦૦૭ સુધી કરવામાં આવ્યું છે તો આ માંગલિક પ્રસંગે પધારવા માટે શ્રી દિગંબર જૈન સંઘ સુરેન્દ્રનગર તરફથી સર્વે મુમુક્ષુઓને અતિ ભાવભીનું હાર્દિક નિમંત્રણ છે

*નિમંત્રક*

પ્રમુખ

શ્રી દિગંબર જૈન સંઘ-સુરેન્દ્રનગર

ના જય જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ જીવ-પુદ્‌ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને જોઈએ તો, એટલે કે જીવ-અજીવના બંધપર્યાયની સાથે એકપણું અનુભવ કરતાં, રાગ સાથે એકપણું અનુભવ કરતાં, આ નવ તત્ત્વો ભૂતાર્થ છે. જીવ-પુદ્‌ગલના બંધપર્યાયને વિષય કરનાર વ્યવહાર-નયથી જોતાં તેઓ ભૂતાર્થ છે, સત્યાર્થ છે. પરંતુ જે એકરૂપ જ્ઞાયકભાવ છે એવા એક જીવદ્રવ્યના સ્વભાવને એકપણે અનુભવતાં નવ તત્ત્વો અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા એક જીવદ્રવ્યની સમીપ જઈને એટલે કે તેની સાથે એકપણું કરીને અનુભવતાં, એકરૂપ જ્ઞાયકભાવને દેખતાં આ નવ તત્ત્વો અભૂતાર્થ છે. ૪૦૦.

❀ વીતરાગદેવ એમ કહે છે કે મારી વાણી વડે જણાય એવો તું નથી. તું તારા વડે જ જણાય એવો છો. આહાહા! આવું સત્ય વીતરાગ વિના કોણ કહે? તને જાણવામાં વાણી કે શાસ્ત્રની અપેક્ષા નથી. તું તારાથી જ જણાય એવો છો. દિવ્યધ્વનિથી કે શાસ્ત્રથી જણાય એવો આત્મા નથી, આત્મા આત્માથી જ જણાય છે. આહાહા! જેમાં કોઈ પરની અપેક્ષા આવે નહિ એ માર્ગે જવામાં કેટલી ધીરજ જોઈએ. ભાઈ! તું તારાથી જ જણાય એવો મહાપ્રભુ છો—એમ શ્રદ્ધાને તો દૃઢ કર! પહેલાં વિકલ્પ સહિત તો આવો નિર્ણય કર! એ નિર્ણય એવો પાકો થવો જોઈએ કે ઉપરથી ઈન્દ્ર ઊતરે તોપણ ફરે નહિ એવો દૃઢ નિર્ણય કર. પછી અંદર જતાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થશે. ૪૦૧.

❀ યોગીન્દ્રદેવ કહે છે કે અરે જીવ! હવે તારે ક્યાં સુધી સંસારમાં ભટકવું છે? હજુ તું થાક્યો નથી! હવે તો આત્મામાં આવીને આત્મિક આનંદને ભોગવ! આહાહા! જેમ પાણીના ધોરીયા વહેતાં હોય તેમ આ ધર્મના ધોરીયા વહે છે. પીતાં આવડે તો પી. ભાઈ! સારા કાળે તો કાલનો કઠીયારો હોય તે આજે કેવળજ્ઞાન પામે એવો તે કાળ હતો. જેમ પુણ્યશાળીને પગલે પગલે નિધાન નીકળે તેમ આત્મપિપાસુને પર્યાયે પર્યાયે આત્મામાંથી આનંદના નિધાન મળે છે. ૪૦૨.

❀

આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૦૬
અંક-૪ * વર્ષ-૧

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. ..................
વાર્ષિક લવાજમ રૂા. ૯ આજીવન લવાજમ રૂા. ૧૦૧

# શ્રુતની લબ્ધિવંત પૂજ્ય ગુરુદેવ

શાસ્ત્રોમાં ભરેલાં ગહન ભાવો ખોલવાની ગુરુદેવમાં અજબ શક્તિ હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતા ગંભીર ભાવો સાંભળતાં ઘણી વાર એમ થતું કે 'આ તે શું શ્રુતસાગર ઊછળ્યો છે? આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે?' ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા?—જાણે કે સાંભળ્યા જ કરીએ. તેમના જેવું, આત્માને સ્પર્શીને નીકળતું એક વાક્ય પણ કોઈ બોલી શકતું નથી. અનુભવરસથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા;—પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભૂકા ઉડાડી દે એવી દૈવી વાણી હતી. આપણાં ભાગ્ય કે ગુરુદેવની એ મંગળમય કલ્યાણકારી વાણી ટેઈપમાં ઉતરીને જીવંત રહી.

—*પૂજ્ય બહેનશ્રી*

To—

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of Shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662